# શ્રી રાજકોટ જીલ્લા સહકારી બેંકનો ખેતિ વિષયક મંડળીઓ માટેનો અભિગમ

– **ધિરાણો :**

બેંક દ્વારા આપવામાં આવતા તમામ પ્રકારના ધિરાણો પૈકી ખેતિ વિષયક તમામ ધિરાણો ફકત મંડળી મારફત જ કરવામાં આવે છે. ઉપરાંત મંડળીના કાર્ય વિસ્તારના સભ્યોને તમામ પ્રકારના બિનખેતી પ્રકારના ધિરાણો મંડળી મારફત જ કરવામાં આવે છે. અને ઉપરોકત તમામ ધિરાણોમાં મંડળીને પેટા નિયમ મુજબ વ્યાજ માર્જીન રહે તેવું વ્યાજનું માળખું બેંકે રાખેલ છે. જેથી મંડળીની આવકમાં વધારો જળવાઈ રહે છે અને મંડળી આર્થિક રીતે સક્ષમ બની રહે છે.

– **વસુલાત :**

મંડળી મારફત કરવામાં આવતા તમામ પ્રકારના ધિરાણોની સમયસર વસુલાત થાય અને મંડળીમાં સભ્યો મુદત વિતેલ ન થાય તે માટે બેંક લેવલે સ્પે. રીકવરી ઓફિસર (એસ.આર.ઓ.) ની નિમણુક કરાવીને તેને સાથે રાખીને મંડળીઓમાં સતત વસુલાત માટેના કેમ્પ કરવામાં આવે છે. જેથી ખેડુતો રેગ્યુલર વસુલાત ભરે અને સરકારશ્રીની વ્યાજ રાહત તથા પાક વિમાના લાભો તમામ સભ્યોને મળી શકે અને મંડળીની પુર્ણ વસુલાત થવાથી મુ.વિ. કે એન.પી.એ. પ્રોવિઝનના પ્રશ્નો ન રહે અને આવકોમાં વધારો થાય. અને નફો વધે.

– **મંડળી સભ્યો સાથે જીવંત સંપર્ક :**

– બેંક દ્વારા જીલ્લાના જુદા જુદા વિસ્તારોમાં સમયાંતરે ખેડુત શીબીરો યોજીને, આ શિબીરોમાં લગત વિસ્તારના ખેડુતો મંડળીઓના કમિટિ સભ્યોને હાજર રખાવી તેમા બેંકના અધિકારીઓ અને બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા બેંકની વિવિધ ખેતિ અને ગ્રામ વિકાસ લક્ષી પ્રવૃત્તિઓ, ધિરાણ યોજનાઓ અને સરકારશ્રીની યોજનાઓ અંગે જરૂરી માર્ગદર્શન તથા ખેતી લક્ષી ખેડ–ખાતર–પાણી–દવા બિયારણનું પણ માર્ગદર્શન આપે છે. આમ ખેડુતો સાથેનો જીવંત સંપર્ક રાખવામાં આવે છે. આવી શિબિરોમાં ખેડુતોને જમવા / ચા–પાણીની પણ વ્યવસ્થા બેંક દ્વારા કરવામાં આવે છે.

– બેંકની લગત શાખાના બ્રાંચ મેનેજર દ્વારા મંડળીની દર બે માસે મુલાકાત લઈ, મંડળીના વ્યવહારોની ચકાસણી કરવા તથા મંડળીના કાર્યક્ષેત્રના ખેડુતો અને મંડળીના વહીવટી પ્રશ્નોની જાણકારી મેળવીને તેનો ત્વરીત યોગ્ય નિકાલ કરવા અને બેંક દ્વારા થતા ધિરાણો અને થાપણોની પણ સાથે સાથે જાણકારી આપવામાં આવે છે.

– બેંકના ઈન્સ્પેકટરો દ્વારા લગત મંડળીઓની દર છ માસે મુલાકાત લઈ, મંડળીના તમામ વ્યવહારો ઉંડાણ પુર્વકની ચકાસણી કરી, મંડળીની વહીવટી ક્ષતિઓ અંગે રૂબરૂમાં ક્ષતિ પુર્તિ કરાવી, મંડળીના વ્યવહારો કરવામાં સહકારી કાયદા, પેટા નિયમો અને બેંક લોન મંજુરી પત્રોની શરતોની અમલવારી માટેની સમજ આપવામાં આવે છે. જેથી મંડળીનો વહીવટી નિતિ–નિયમો મુજબ જ થાય. ક્ષતિઓની ભુલોની દુરસ્તી પણ કરાવવામાં આવે છે. તેમજ મંડળીના વ્ય.કમિટિ સભ્યો / ખેડુતોને બોલાવીને તેની ધિરાણની જરૂરીયાતો અને તે અંગેના કોઈ પ્રશ્નો જાણીને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવે છે.

– બેંક દ્વારા જીલ્લામાં દરેક ઝોનમાં–૧ એમ ચાર ખેતીવાડી નિષ્ણાંત અધિકારીઓની નિમણુંક કરીને દરરોજ આ અધિકારીઓ તેના વિસ્તારના ગામડા અને ખેડુતોના ખેતર સુધી જઈને, ખેડુતોના પાકનું નિરીક્ષણ કરી, તેમાં જરૂરી ખાતર, પાણી, જંતુનાશક દવા વિગેરેની જરૂરી માહિતી બેંકે નિયત કરેલ ફોર્મેટમાં લખીને ખેતીનું માર્ગદર્શન આપવાનું તેમજ ગામમાં ખેડુત સભાઓ યોજી સીઝન મુજબ પાકોના વાવેતર, બિયારણો, પાણી, જંતુનાશક દવાઓ અંગેનું માર્ગદર્શન આપવામાં આવે છે. તેની સાથે બેંક દ્વારા કરવામાં આવતા તમામ પ્રકારના ધિરાણો અંગે અને સરકારશ્રીની વિવિધ ખેડુતલક્ષી યોજનાઓની પણ જાણકારી આપવામાં આવે છે.

**પાના નં. ... ૨**

– ખેતિ વિષયક મંડળીઓની વાર્ષિક સાધારણ સભામાં બેંકના પ્રતિનિધિ તથા અધિકારીને મોકલીને હાજર ખેડુતો / સભાસદોને બેંક દ્વારા કરવામાં આવતા તમામ પ્રકારના ધિરાણો, પાક વિમા યોજના, સરકારશ્રીની વિવિધ સબસીડીવાળી ધિરાણ યોજનાઓ અને સરકારશ્રી તરફથી ખેડુતોને પાક ધિરાણમાં સમયસર વસુલાત ભરનારને મળતા વ્યાજ રાહત અને બેંકની થાપણો અંગેનું માર્ગદર્શન આપીને ખેડુતો / સભાસદોને બેંકની તમામ પ્રવૃત્તિઓની જાણકારી આપવામાં આવે છે.
– બેંકની વાર્ષિક સાધારણ સભામાં મંડળીઓના મંત્રીશ્રી વ્ય.કમિટિ સભ્યોને હાજર રહેવાનું આમંત્રણ આપી, હાજર રખાવીને બેંક દ્વારા કરવામાં આવતા ધિરાણો અને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અન્વયેના ધિરાણોની જાણકારી બેંકના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવે છે. તેમજ આ સાધારણ સભામાં આગામી વર્ષમાં બેંક દ્વારા મંડળી મારફત કરવાના થતા ધિરાણો અને અન્ય પ્રવૃત્તિઓ અંગેના આયોજનની ચર્ચાઓ ચેરમેનશ્રી અને બોર્ડ મેમ્બર્સ દ્વારા કરવામાં આવે છે. જેથી તમામ મંડળીઓને તેની જાણકારી હોવાથી મંડળીમાં વધુમાં વધુ ખેડુતો જોડાઈને ધિરાણો મેળવે તેવા મંડળી લેવલે સતત પ્રયત્નો કરી શકે અને આયોજન મુજબની કામગીરી કરી શકે તેથી મંડળીઓમાં ધિરાણો વધારીને આવકો વધે તે માટે મંડળીઓ પણ સતત પ્રયત્નશીલ રહે છે.

– **<u>એક મંડળી એક મંત્રી</u> :**

ખેતિ વિષયક મંડળીના મંત્રી એકજ મંડળીમાં મંત્રી તરીકે રહી શકે છે. અને તે મંડળીના કાર્યક્ષેત્રમાં રહેતા હોય તેવા જ કર્મચારીને બેંક મંત્રી તરીકેની સંમતિ આપે છે. અને આવી મંત્રી સંમતિ લેવી ફરજીયાત કરેલ છે. જેથી એક મંત્રી એક મંડળીમાં કામ કરતાં હોવાથી મંડળીના વ્યવહારો પારદર્શક થઈ શકે અને તેની સાથે જોડાયેલ ખેડુતોના વ્યકિતગત સંપર્કમાં રહી શકે. જેથી ખેડુતોની જરૂરીયાતો મુજબના ધિરાણો અને કરેલ ધિરાણોની વસુલાત કરવામાં સરળતા રહે છે. અને ખેડુતો ગમે તે સમયે મંડળી સાથેના વ્યવહારો કરી શકે છે. જેને કારણે જીલ્લાની મંડળીઓની સભાસદ લેવલે ૯૫% ઉપર વસુલાત છે.

– **<u>મંડળી પાસેથી કોઈ ફી વસુલાત નહિ</u> :**

બેંક સાથે જોડાયેલ મંડળીઓ પાસેથી કોઈપણ જાતની સુપરવિઝન ફી કે કોઈ પ્રોસેસ ચાર્જ લેવામાં આવતો નથી.

– **<u>મંડળીને સ્વતંત્ર ઓફિસ–ગોડાઉન</u> :**

જીલ્લાની દરેક ખેતિ વિષયક મંડળીઓને પોતાના ઓફિસ વ્યવહારો કરવા માટે સ્વતંત્ર ઓફિસ અને દરેક મંડળીઓ તેના ખેડુત સભાસદોની રાસાયણિક ખાતરોની જરૂરીયાત સ્થાનિક સંતોષી શકે તે માટેના ખાતરોના સ્ટોક સંગ્રહ માટે દરેક મંડળીને પોતાના ગોડાઉનની વ્યવસ્થા ઉભી કરાવેલ છે. તેમજ ખેડુતોના ખેત ઉત્પાદીત માલના સંગ્રહ માટે પણ મંડળીઓએ ગોડાઉનો ઉભા કરી, ખેડુતોનો માલ સંગ્રહ કરી તેના ઉપર ખેડુતોને જરૂરીયાત મુજબ માલતારણ ધિરાણો આપવામાં આવે છે.

– **<u>મંડળીઓને રાસાયણિક ખાતરો માટે બેંક ગેરંટી</u> :**

દરેક ખેતિ વિષયક મંડળી તેના ખેડુત સભાસદોની ખેતિ પાકો માટે જરૂરીયાત મુજબના ખાતરોની ખરીદી કરીને, ખાતરોનો પુરતો સ્ટોક રાખી શકે તે માટે દરેક મંડળીને રાસાયણિક ખાતરો ખરીદવા માટે બેંક તરફથી બેંક ગેરંટી મંજુર કરવામાં આવે છે. જે ગેરંટી સામે મંડળીને ઉધાર ખાતરો મળી રહે છે. આમ મંડળીઓ પાસે પોતાના સરપ્લસ ફંડ ન હોય તો પણ રાસાયણિક ખાતરોનો વેપાર કરે છે. અને તેથી સભાસદોની રાસાયણિક ખાતરોની જરૂરીયાત સંતોષવામાં મુશ્કેલી પડતી નથી. અને મંડળીની વેપારની આવકો પણ જળવાઈ રહે છે.

પાના નં. ... ૩

– **<u>મંડળીઓ માટે પ્રોત્સાહન ઈનામી યોજના</u> :**

બેંક સાથે જોડાયેલ ખેતિ વિષયક મંડળીઓ આર્થિક રીતે સ્વાવલંબી બને તે ઉદેશથી પ્રોત્સાહન વસુલાત ઈનામી યોજના અમલમાં મુકેલ છે. આ યોજના અન્વયે જીલ્લાની મંડળીઓમાં વર્ષના અંતે વધુમાં વધુ સભ્ય ધિરાણ બાકી પ્રમાણે મંડળીઓને ચાર ગૃપમાં વિભાજીત કરીને નિયત કરેલ પાત્રતાના ધોરણો અને માર્કીંગ પેર્ટન મુજબ માર્ક મુકી દરેક ગૃપમાં ૧ થી ૩ નંબરે આવતી મંડળીઓને મંડળી વસુલાત અને વહીવટી કામગીરીમાં ઉપયોગમાં લઈ શકે તે માટે હીરો હોન્ડા મોટર સાયકલ આપવામાં આવે છે. અને ઈનામને પાત્ર બનેલ ૧૨–મંડળીઓને મોટર સાયકલ અર્પણ કરવા માટે એક જીલ્લા લેવલનો કાર્યક્રમ યોજીને તેમા ઈનામને પાત્ર મંડળીઓના પ્રમુખ / મંત્રીશ્રીનું બહુમાન કરીને મોટર સાયકલ અર્પણ કરવામાં આવે છે. જેથી અન્ય મંડળીઓ પણ ઈનામને પાત્ર બનવા પ્રરાઈને પોતાની મંડળીના બીઝનેશમાં વધારો કરવા અને વહીવટી અને વસુલાત ક્ષેત્રે સારી કામગીરી કરવા પ્રેરણા મળે.

– **<u>લાંબા સમયથી મંડળીમાં પ્રમુખ તરીકે સેવા આપનારનું સન્માન</u> :**

બેંક સાથે જોડાયેલ બેંકમાંથી લોન મેળવતી તમામ મંડળીઓમાં સર્વ સંમતિથી સંચાલન માટે પ્રોત્સાહન મળે તે માટે છેલ્લા ૧૫–વર્ષથી વધુ સમય સુધી (લાંબા સમયથી) પ્રમુખ તરીકે સતત સેવા આપતા હોય અને પ્રમુખ તરીકે ચાલુ હોય તેવી વ્યકિતઓએ મંડળીમાં લાંબા સમયથી આપેલ માર્ગદર્શન બદલ બેંકની વાર્ષિક સાધારણ સભામાં આવી વ્યકિતઓને સ્પેશયલ આમંત્રીત કરી સાલ, શિલ્ડ અને ₹૨૧,૦૦૦/– રોકડા આપી વિશિષ્ટ સેવા સન્માન કરવામાં આવે છે.

– મંડળીના સભ્યોને ખર્ચાળ રોગ જેવા કે કિડની, કેન્સર, હાર્ટએટેક, પેરાલીસસ વિગેરે માટે ₹૫,૦૦૦/– ની મર્યાદામાં બેંક તરફથી સહાય આપવામાં આવે છે.

– આમ, મંડળીમાં સતત સુપરવિઝનને કારણો મંડળીઓમાં સ્વચ્છ પ્રમાણિક પારદર્શક વહીવટ જોઈને સ્થાનિક સભ્યોમાં મંડળી તથા બેંક માટે ભારે મોટો વિશ્વાસ ઉભો થાય છે. અને તે કારણે મંડળીના સભ્યો મંડળી તથા બેંક સાથે સતત જોડાયેલ રહે છે. અને પોતાના તમામ પ્રકારના નાણાકિય વહીવટે મંડળી બેંક મારફત કરે છે. જેનો સીધો લાભ મંડળી અને બેંકને મળે છે.

– મંડળી તથા સભ્યો માટે ગોડાઉનની લોન–સબસીડી યોજનાની દરેક સ્કીમ માટે પ્લાન–એસ્ટીમેટ, લોન, સબસીડી માટે સંપુર્ણ માર્ગદર્શન, ફોલોઅપ સાથે સંપુર્ણ કાર્યવાહી બેંક તરફથી કરાવવામાં આવે છે.